# BUSINESS મિત્ર

## અમેરિકી બોન્ડ માર્કેટમાં નરમાઈ અને નીચલા સ્તરેથી ખરીદીથી બજાર સુધર્યું: રોકાણકારોને 1.42 લાખ કરોડ રૂપિયાનો લાભ

# 7 દિવસના ઘટાડાને બ્રેક: સેન્સેક્સ 628 પોઈન્ટ ઉછળ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 20:** અમેરિકાના બોન્ડ માર્કેટમાં નરમાઇ, એશિયન બજારોની ચમક અને નીચલા સ્તરેથી ખરીદી તથા સેન્સેક્સ વીકલી એક્સપાયરીના પગલે કેટલાક પસંદગીના શેરોમાં શોર્ટ કવરીંગના પગલે શેરબજારમાં સાત દિવસના ઘટાડાને બ્રેક વાગી હતી અને પ્રત્યાઘાતી સુધારો જોવાયો હતો.

શેરબજારમાં શોર્ટ કવરીંગના પગલે શેરબજારમાં સેન્સેક્સ 628 પોઈન્ટ વધ્યો હતો. જ્યારે નિફ્ટીએ 24200 પોઈન્ટની સપાટી કુદાવી હતી. જેના લીધે રોકાણકારોને કુલ માર્કેટ કેપ રૂ. 491 લાખ કરોડ થઇ ગઇ છે. આમ, રોકાણકારોની સંપત્તિમાં રૂ. 1.42 લાખ કરોડનો વધારો થયો છે.

બીએસઇ સેન્સેક્સ 628.04 પોઈન્ટ એટલે કે 0.82 ટકા વધીને 77537.72 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77611 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77371 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 25200 પોઈન્ટની સપાટી કુદાવી હતી. આજે નિફ્ટી 153.55 પોઈન્ટ એટલે કે 0.64 ટકા વધીને 24231.85 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24265 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24184 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 256.15 પોઈન્ટ એટલે કે 0.45 ટકા વધીને 57495.90 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે સીન્જીન ઈન્ટરનેશનલમાં 6.8 ગણા, આઈસીઆઈસીઆઈ પ્રુડન્શીયલમાં 6.47 ગણા, પુનાવાલા ફિનકોર્પમાં 5.23 ગણા, એમ્વી ફોટોવોલ્ટેક પાવરમાં 4.73 ગણા અને એસબીઆઇ કાર્ડસમાં 4.57 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે એમએમટીસીમાં 29.12 ગણા, બલરામપુર ચીની મીલ્સમાં 24.59 ગણા, એકમે સોલારમાં 9.43 ગણા, ફાઇઝરમાં 4.55 ગણા, એમ્વી ફોટોવોલ્ટેક પાવરમાં 4.2 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં નબળું પ્રદર્શન રહ્યું હતું. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.53 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.48 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જોકે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઇ ખાતે 2448 શેરો વધ્યા હતા, જ્યારે 1876 શેરો ઘટ્યા હતા અને 237 શેરો યથાવત રહ્યા હતા.

### ડોલરમાં પ્રત્યાઘાતી ઘટાડો

ક્રુડ ઓઇલના ભાવ વધી રહ્યા છે, આમ છતાં, આજે ડોલરમાં પ્રત્યાઘાતી સુધારો જોવાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 6 પૈસા સુધરીને 85.71ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.77ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 111.27, પાઉન્ડ 131.09, કેનેડિયન ડોલર 69.34, ઓસ્ટ્રેલિયન ડોલર 67.94, જાપાનીઝ યેન 0.6035 અને સીંગાપોર ડોલર 67.94ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.70 રૂ. |
| યુરો | 111.27 રૂ. |
| પાઉન્ડ | 131.09 રૂ. |
| યેન | 0.6033 રૂ. |

કોમોડિટીઝ માર્કેટમાં ઓટોબર 2026 સેટલમેન્ટ માટે બ્રેન્ટ ક્રુડ 2.34 ટકા વધીને 93.78 ડોલર બોલાયો હતો. આમ, ક્રુડ ઓઇલના ભાવ વધતા જ જાય છે. આ ઉપરાંત, જુન 2026માં ભારતનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર આઉટપુટ વાર્ષિક ધોરણે 5 ટકા વધ્યું છે, જે મે મહિનામાં સુધારેલા 3.2 ટકા વધારાથી વેગ આપે છે, જે જાન્યુઆરી પછીનો સૌથી ઝડપી વૃદ્ધિ દર્શાવે છે.

વૈશ્વિક સ્તરે ફેડરલ રિઝર્વ હોકીંશ સીગ્નલ અને પર્શિયન ગલ્ફમાં ચાલી રહેલી દરિયાઈ મંદીએ ઉભરી આવવાનો પ્રયાસ કરતા યુરોપિયન બજારો ઘટયા હતા. દરમ્યાન એશિયન બજારો ઉંચા બંધ થયા હતા. ગઈકાલે વોલસ્ટ્રીટ પોઝિટિવ રહ્યા હતા. યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.48 ટકા, કેક 0.41 ટકા અને ડેક્સ 0.57 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં સ્ટ્રેઈટસ 0.39 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે નીક્કી 1.20 ટકા, હેંગસેંગ 0.91 ટકા, તાઈવાન 0.48 ટકા, કોસ્પી 5.57 ટકા, જકાર્તા 1.65 ટકા અને શાંઘાઈ 0.25 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 628.04 | 77537.72 |
| નિફ્ટી | 153.55 | 24231.85 |
| બેન્ક નિફ્ટી | 256.15 | 57495.90 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 2.48 | 327.95 |
| શ્રીરામ ફાઇ. | 2.01 | 1128.20 |
| કોટક બેન્ક | 1.82 | 397.35 |
| આઇટીસી | 1.72 | 271.65 |
| બજાજ ફાઇ. | 1.37 | 1095.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા કન્ઝ્યુમર | 1.10 | 1056.30 |
| હિન્દાલ્કો | 0.88 | 1029.85 |
| ઇન્ટરગ્લોબ | 0.54 | 5165.00 |
| એચસીએલ ટેકનો | 0.48 | 1318.40 |
| નેસલે ઇન્ડિયા | 0.48 | 1458.00 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 2.31 | 327.60 |
| કોટક બેન્ક | 1.65 | 398.50 |
| આઇટીસી | 1.63 | 271.25 |
| બજાજ ફાઇ. | 1.53 | 1095.15 |
| એક્સીસ બેન્ક | 1.46 | 1250.35 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 0.41 | 183.25 |
| ઇન્ટરગ્લોબ | 0.24 | 5162.55 |
| એચસીએલ ટેકનો | 0.19 | 1319.95 |
| ટાઇટન કંપની | 0.04 | 5062.00 |

# સોનું રૂ. 4,300 વધીને 1.62 લાખે પહોંચ્યું, ચાંદીમાં રૂ. 10,000નો મોટો ઉછાળો

**સોનું** 3 મહિનાની જ્યારે ચાંદી 2.45 લાખ સાથે 7 સપ્તાહની ઊંચી સપાટીએ

નવી દિલ્હી, તા. 20 (PTI) નબળા યુએસ ડોલર વચ્ચે રોકાણકારો દ્વારા કિંમતી ધાતુઓ તરફ વળતાં રાષ્ટ્રીય રાજધાનીમાં ગુરુવારે સોનામાં જબરજસ્ત તેજી જોવા મળી હતી, જે રૂ. 4,300 વધીને ત્રણ મહિનાની ઊંચી સપાટી રૂ. 1.62 લાખ પ્રતિ 10 ગ્રામ પર પહોંચી ગયું હતું, જ્યારે ચાંદીમાં રૂ. 10,000નો ઉછાળો નોંધાયો હતો. સ્થાનિક વેપારીઓના જણાવ્યા અનુસાર, 99.9 ટકા શુદ્ધતા ધરાવતી પીળી ધાતુ (તમામ કર સહિત) રૂ. 4,300 વધીને રૂ. 1,62,300 પ્રતિ 10 ગ્રામ થઈ હતી. બુધવારે તે રૂ. 1,58,000 પ્રતિ 10 ગ્રામ પર બંધ થઈ હતી. કિંમતી ધાતુ છેલ્લે 26 મેના રોજ આટલી જ સપાટીએ જોવા મળી હતી, જ્યારે તે રૂ. 1,62,400 પ્રતિ 10 ગ્રામ બોલાતી હતી. ચાંદીમાં પણ આવી જ તેજી જોવા મળી હતી અને તે રૂ. 2,35,000 પ્રતિ કિલોગ્રામથી વધીને સાત સપ્તાહની ઊંચી સપાટી રૂ. 2,45,000 પ્રતિ કિલોગ્રામ (તમામ કર સહિત) પર પહોંચી ગઈ હતી. શ્વેત ધાતુ (ચાંદી) 3 જુલાઈના રોજ આ સપાટીની નજીક ટ્રેડ થઈ રહી હતી, જ્યારે તેનો ભાવ રૂ. 2,45,000 પ્રતિ કિલોગ્રામ હતો. એચડીએફસી સિક્યોરિટીઝના સિનિયર એનાલિસ્ટ - કોમોડિટીઝ સૌમિલ ગાંધીએ જણાવ્યું હતું કે, "યુએસ ડોલર અને ટ્રેઝરી યીલ્ડમાં તીવ્ર ઘટાડાને પગલે ગુરુવારે સોનું બે મહિનાથી વધુ સમયની તેની સૌથી ઊંચી સપાટી નજીક પહોંચી ગયું હતું."

# ભારતમાં વેરહાઉસિંગ લીઝિંગ 15% વધીને 36.8 મિલિયન ચોરસ ફૂટે પહોંચ્યું

**ઉત્પાદકો** વેરહાઉસ ભાડે લેવામાં અગ્રેસર 2026 ના પ્રથમ 6 મહિનામાં મુંબઈએ 10.7 મિલિયન સ્ક્વેર ફીટ સાથે રેકોર્ડ બનાવ્યો; ચેન્નાઈમાં ભાડા સૌથી વધુ 7% વધ્યા

મુંબઇ, તા. 20: ભારતમાં 2026ના પ્રથમ છ મહિનામાં વેરહાઉસિંગ લીઝિંગ 15 ટકા વધીને 36.8 મિલિયન ચોરસ ફૂટ થયું છે.

મજબૂત ઉત્પાદન અને થર્ડ પાર્ટી લોજિસ્ટિક્સ માંગને કારણે આ વૃદ્ધિ જોવા મળી છે. મેન્યુફેક્ચરિંગ કંપનીઓ વેરહાઉસ ભાડે લેવામાં અગ્રેસર રહી હતી, જેમનો કૂલ 46 ટકા હિસ્સો છે, જેમાં 17 મિલિયન ચોરસ ફૂટ ભાડે લેવામાં આવ્યું છે. આ સેગમેન્ટમાં, ઓટોમોટિવ, એન્જિનિયરિંગ અને ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગો મુખ્ય ફાળો આપનારા હતા. થર્ડ પાર્ટી લોજિસ્ટિક્સનો હિસ્સો કુલ વોલ્યુમના 30 ટકા રહ્યો હતો અને 11.1 મિલિયન ચોરસ ફૂટ જગ્યા ભાડે લેવામાં આવી હતી, જે ખર્ચ અને સ્કેલનું સંચાલન કરવા માટે લોજિસ્ટિક્સ કામગીરીને આઉટસોર્સ કરવા તરફ સતત પરિવર્તન સૂચવે છે.

મુંબઈમાં રેકોર્ડ ટ્રાન્ઝેક્શન વોલ્યુમ્સ જોવા મળ્યા, ત્યારે રોકાણકારોએ ખાલી જગ્યા દરમાં પ્રાદેશિક અસમાનતાઓ અને ચોક્કસ બજારોમાં મર્યાદિત ગ્રેડ A સપ્લાય પર નજર રાખવી જોઈએ.

મુંબઈ સ્ટેન્ડઆઉટ બજાર તરીકે ઉભરી આવ્યું, જેમાં વ્યવહારોમાં 10.7 મિલિયન ચોરસ ફૂટનો રેકોર્ડ નોંધાયો, જે તેનું અત્યાર સુધીનું સૌથી વધુ અર્ધવાર્ષિક વોલ્યુમ છે. ભારતના આઠ મુખ્ય ઔદ્યોગિક કેન્દ્રોમાં કુલ ભાડાપટ્ટાના લગભગ 29 ટકા હિસ્સો માત્ર આ બજારનો રહ્યો હતો.

# ઘરે રાખેલું સોનું આપશે નિયમિત આવક

**હવે** લોન નહીં, સોના પર મળશે વ્યાજ

**કેન્દ્ર** સરકાર ઘરમાં પડેલા સોનાને ડિપોઝિટ કરી વ્યાજ કમાવાની યોજના સરળ બનાવવા કરી રહી છે વિચારણા

નવી દિલ્હી, તા. 20: રોકાણ માટે સામાન્ય લોકો ફિક્સ્ડ ડિપોઝીટ, એસઆઈપી અને અન્ય રોકાણ વિકલ્પો પસંદ કરે છે. જો તમારી પાસે ઘરે સોનાના દાગીના, સીક્કા અથવા બાર સંગ્રહિત છે, તો ભવિષ્યમાં આ સોનુ તમારા માટે આવકનો સ્ત્રોત બની શકે છે.

કેન્દ્ર સરકાર એક એવી યોજના પર કામ કરી રહી છે કે જે ઘરે સંગ્રહિત સોનાને જમા કરીને વ્યાજ મેળવવાની પ્રક્રિયાને સરળ બનાવી શકે છે. આમ, અત્યાર સુધી સોનાના દાગીના પર લોન મળતી હતી, હવે તેની ઉપર વ્યાજ મળશે. અહેવાલો અનુસાર સરકાર એક એવી સ્કીમ પર કામ કરી રહી છે કે જે લોકોને તેમના ઘરનું સોનુ નજીકના પ્રમાણિત ઝવેરીમાં જમા કરાવવાની મંજુરી આપશે. આનાથી સોનાના દાગીના, સિક્કા અને બાર જેવા વ્યાજ કમાણીના વિકલ્પો મળી શખે છે. જોકે, સરકારે હજુય સુધી આવી યોજનાની સત્તાવાર જાહેરાત કરી નથી, તેથી વ્યાજદર, થાપણનો સમયગાળો અને અન્ય શરતો અંગે અંતિમ વિગતો જાહેર કરવામાં આવી નથી.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૩.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૫ | ૫૦/૩૬ '' | ૧૪૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૬૦ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૫૯ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧.૨૫ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૫૪ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૮ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૬ |
| ૬૮/૩૬ | ૧૫૧ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૫૫.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૯ | ૧૦૦ ટેક્ષ | ૧૪૭ | ૬૮ ક્રિમ્પ | ૧૫૨ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૭ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૭.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૮ | ૮૦/૭૨ રોટો | ૧૫૪.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૮.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૬૦ | ૮૦ ક્રિમ્પ | ૧૪૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૫૩ | ૧૬૦ ડીસ્કેટ | ૧૬૦ | ૮૦/૭૨ રોટો | ૧૫.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૫૪ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૪૬ | ૮૦/૧૦૮ '' | ૧૫૩ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૫૨ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-૩૦ | ૫૨૦૦ |
| એસ-૩૦ | ૫૧૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૧૦૦ |
| એસ-૩૦ | ૫૦૦૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૧૫૫૦ |
| તેજાબી સોનું | ૧૬૧૪૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૩૪૭૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૮૩૨૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૧૫૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૩૭૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૫૨૦૦ |

# બિટકોઈન 70000 ડોલરને પાર

**યુએસના** ટ્રેઝરી યીલ્ડ અને ડોલર નબળો પડતા ક્રિપ્ટોમાં તેજીનો કરન્ટ જોવાયો: ઇથેરિયમમાં 18 ટકાનો ઉછાળો

નવી દિલ્હી, તા. 20: બિટકોઈને આજે 70000 ડોલરના આંકડાને પાર કરી દીધો છે, જે તાજેતરના મહિનાઓમાં સૌથી મોટો ઉછાળો છે. જોકે, છેલ્લે 7 ટકા જેટલો ઉછળીને 69000 ડોલરની આસપાસ બોલાતો હતો. નીચા યુએસ ટ્રેઝરી યીલ્ડ, નબળા ડોલર, મજબૂત સંસ્થાકીય માગના કારણે ક્રિપ્ટો કરન્સી બજારમાં તેજી જોવા મળી હતી. જેમાં આજે બિટકોઈન ઈન્ટ્રાડેમાં 70000 ડોલરની ઈન્ટ્રાડે ઉંચાઈએ પહોંચ્યા બાદ 7 ટકા વધીને 69000 ડોલરની આસપાસ બોલાયો હતો. ઈથેરિયમ સૌથી વધુ 18 ટકા ઉછળીને 2250 ડોલર પર પહોંચ્યો હતો. જેના લીધે આજે કુલ ક્રિપ્ટો કરન્સી માર્કેટ કેપિટલાઈઝેશન પણ 8 ટકા વધીને 2.37 ટ્રિલિયન ડોલર થઇ ગયું છે. જ્યારે છેલ્લા ચોવીસ કલાકમાં બિટકોઈનું માર્કેટ કેપ આશરે 190 અબજ ડોલર વધ્યું હતું. ક્રિપ્ટો માર્કેટ અંગે નિષ્ણાંતોનું કહેવું છે કે, ક્રિપ્ટો માર્કેટે તાજેતરના મહિનાઓમાં આ સૌથી મજબૂત તેજીની ચાલ નોંધાવી છે. જેમાં બિટેકોઇન 7 ટકા અને ઈથેરિયમ 18 ટકા જેટલો ઉછળ્યો છે.

# US-ઈરાન તણાવથી ક્રૂડ $94ને પાર

**ટ્રમ્પની** ચીમકી બાદ તેલ અને સોના-ચાંદીમાં ભડકો

**ક્રૂડના** ભાવમાં સતત 4થા દિવસે ઉછાળો; ભારતનું ઈમ્પોર્ટ બિલ 56.5% વધતાં અર્થતંત્ર પર દબાણ

નવી દિલ્હી, તા. 20: અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવની અસર ક્રુડ ઓઈલના ભાવ પર જોવા મળી હતી. બ્રેન્ટ ક્રુડની કિંમત વધીને 94 ડોલરને પાર નીકળી ગઈ છે. જ્યારે ડબલ્યુટીઆઇ ક્રુડની કિંમત 87 ડોલરને પાર કરી ગઇ છે. ક્રુડના ભાવ ઉછાળાની અસર સોના અને ચાંદીના ભાવ પર જોવા મળી હતી. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો છે કે તેઓ ઈરાન વિરૂદ્ધ આક્રમક વલણ અપનાવશે. તેમણે કહ્યું હતું કે, ઈરાન વિરૂદ્ધ આવા કડક આર્થિક પ્રતિબંધો લાદવામાં આવી રહ્યા છે, જે અત્યાર સુધી કોઈપણ દેશ પર લાદવામાં આવ્યા નથી.

RAJ IMPERIAL
Booking Movie Tickets @ Raj Imperial Inox
Ph.: 02612577777
INOX
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે
બુધવાર તા. ૨૬મી થી..
ટોક્સિક
યશ, કિયારા અડવાણી, હુમા કુરેશી, નયનતારા, તારા સુતરીયા
આવારાપન-2
ATMOS : 9.00 am, 10.30 am, 12.00 am, 1.30 pm, 2.55 pm, 4.20 pm, 6.05 pm, 7.10 pm, 9.00 pm, 10.00 pm
બટવારા 1947
9.00 am, 3.05 pm, 6.20 pm, 9.20 pm
હનુમાન વંશ
(હિન્દી) 12.00 pm
1942 લવસ્ટોરી
(રી રીલીઝ) 12.00 pm
INSIDIOUS
હિન્દી : 9.50 am, 12.10 pm, 2.30 pm, 4.50 pm, 7.10 pm, 9.30 pm
સ્પાઈડર મેન
3D હિન્દી ATMOS : 9.00 am, 12.10 pm, 3.15 pm, 6.20 pm, 9.25 pm
PAW PATROL
હિન્દી : 10.00 am, 3.10 pm, 5.10 pm, 7.10 pm, 9.10 pm
મારણ ગુજરાતી 9.10 am

બુધવાર તા. ૨૬મી થી....
એકશન, સંવાદ, હીટ મ્યુઝીક
ટોક્સિક
યશ, કિયારા અડવાણી, હુમા કુરેશી, નયનતારા, તારા સુતરીયા
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.
આવારાપન-2
બટવારા 1947
બન્નેના સમય : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

RAJHANS
ગોપીતળાવ નવસારી બજાર, સુરત
બુધવાર તા. ૨૬મી થી
ટોક્સિક
યશ, કિયારા અડવાણી, નયનતારા
આવારાપન - 2
૧૦.૦૦, ૧૧.૩૦, ૧૨.૪૫, ૨.૧૫, ૩.૩૦, ૫.૦૦, ૬.૧૫, ૭.૪૫, રાત્રે : ૯.૦૦, ૧૦.૩૦, ૧૧.૪૦
બટવારા 1947
૧૧.૪૫, ૪.૪૫
INSIDIOUS
(હિન્દી) : ૨.૩૦, ૭.૩૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

# વડા પ્રધાન રાહત ભંડોળનો ઉપયોગ કોને રાહત આપવા માટે કરવામાં આવે છે?



ટૂંક પોઈન્ટ
■ સંજય વોરા ■

અંગ્રેજીમાં કહેવત છે કે King's wife should be above suspicion. લોકશાહી શાસન વ્યવસ્થામાં આ કહેવત રાજાની પત્નીને બદલે વડા પ્રધાનને લાગુ પડે છે. ભારતના વડા પ્રધાનના હાથમાં PM Relief Fund નામનું ભંડોળ દાયકાઓથી ચાલુ હોવા છતાં કોરોના કાળમાં અસરગ્રસ્તોની રાહતના નામે PM Cares Fund નામનું નવતર ભંડોળ શરૂ કરવામાં આવ્યું હતું. આ ભંડોળનો ઉપયોગ કેવી રીતે કરવો, તેનો નિર્ણય સંપૂર્ણપણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મુનસફી ઉપર છોડવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૦ માં માત્ર ૨.૨૫ લાખ રૂપિયાથી શરૂ કરાયેલ પીએમ કેર્સ ફંડમાં ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં ૮,૪૫૨ કરોડ રૂપિયા એકઠા થઈ ગયા હતા, પરંતુ ૨૦૨૪-૨૫ માં આ ફંડમાંથી માત્ર ૮૭.૮૫ લાખ રૂપિયા જ ખર્ચાયા હતા. રસપ્રદ વાત એ છે કે તેની આવક અને કુલ થાપણોમાં સતત વધારો થઈ રહ્યો છે, જ્યારે ખર્ચ ઘણો મર્યાદિત રહ્યો છે. આ પ્રશ્ન ઊભો થાય છે કે જો આ ફંડ ખાસ કરીને આપત્તિમાં રાહત માટે બનાવવામાં આવ્યું હતું તો કુદરતી આપત્તિઓમાં જરૂરિયાતના સમયે તેનો વધુ વ્યાપક ઉપયોગ કેમ નથી થઈ રહ્યો? ટીકાકારો કહે છે કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં દેશના ઘણા ભાગોમાં પૂર, ભૂસ્ખલન, ચક્રવાત અને અન્ય મોટી કુદરતી આફતો આવી હોવા છતાં પીએમ કેર્સ ફંડમાંથી ઘણા ઓછા પૈસા ખર્ચવામાં આવ્યા છે.

પીએમ કેર્સ ફંડના ઓડિટ રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૨૪-૨૫માં મળેલા કુલ દાનમાં ૪૭૯.૦૪ કરોડ રૂપિયા દેશની અંદરથી આવ્યા હતા, જ્યારે લગભગ ૯૨ લાખ રૂપિયાનું દાન વિદેશથી આવ્યું હતું. દાન ઉપરાંત પીએમ કેર્સ ફંડને વ્યાજ તરીકે રૂ. ૪૭૫.૧૪ કરોડ પણ મળ્યા હતા, જેમાંથી રૂ. ૪૬૯.૩૭ કરોડ ફિક્સ્ડ ડિપોઝિટ અને રૂ. ૫.૭૬ કરોડ બેંક ખાતાંઓમાંથી આવ્યા હતા. ફંડને એવી એજન્સીઓ તરફથી ૩૨૪.૬૫ કરોડ રૂપિયા રિફંડ તરીકે પણ મળ્યા, જેમને અગાઉ કોઈ પ્રોજેક્ટ માટે પૈસા આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત ટીડીએસ રિફંડના રૂપમાં ૧૩.૪૯ લાખ રૂપિયા પણ આ ફંડમાં આવ્યા હતા. ઓડિટ મુજબ કુલ ભંડોળની રકમના ૯૩ ટકા, એટલે કે રૂ. ૭,૮૪૬ કરોડ FDમાં રાખવામાં આવ્યા છે. જ્યારે આ ભંડોળમાંથી પૈસા ખર્ચવાની વાત આવે છે ત્યારે વર્ષ ૨૦૨૪-૨૫માં ફક્ત ૮૭.૮૫ લાખ રૂપિયા જ ખર્ચવામાં આવ્યા હતા.

કોવિડ-૧૯ રોગચાળા અને દેશવ્યાપી લોકડાઉનના થોડા દિવસો પછી, ૨૭ માર્ચ ૨૦૨૦ ના રોજ પીએમ કેર્સ ફંડની જાહેર ચેરિટેબલ ટ્રસ્ટ તરીકે નોંધણી કરાવવામાં આવી હતી. વડા પ્રધાન આ ભંડોળના અધ્યક્ષ છે અને સંરક્ષણ પ્રધાન, ગૃહ પ્રધાન અને નાણાં પ્રધાન તેના ટ્રસ્ટી છે, પરંતુ આજ સુધી આ માહિતી જાહેર કરવામાં આવી નથી કે આ ફંડમાં પૈસા ક્યાંથી આવ્યા છે. જાણીતા અર્થશાસ્ત્રી પ્રોફેસર રીતિકા ખેરા કહે છે કે પીએમ કેર્સ ફંડ પારદર્શિતાનો ઢોંગ છે. સરકાર વિલંબ સાથે તેના ઓડિટેડ નાણાંકીય અહેવાલો જાહેર કરે છે, પરંતુ સરકારની જાહેરાતો પોકળ છે અને તેમાં વાસ્તવિક માહિતીનો અભાવ છે. સામાજિક કાર્યકર અંજલી ભારદ્વાજના મતે પીએમ કેર્સ અંગે સૌથી મોટી ચિંતા પારદર્શિતાનો અભાવ છે. આ ભંડોળ આપત્તિના સમયે લોકોને મદદ કરવા માટે બનાવવામાં આવ્યું હતું, પરંતુ લોકોને પૈસા ક્યાંથી આવી રહ્યા છે અને ક્યાં ખર્ચ થઈ રહ્યા છે તે અંગે કોઈ માહિતી આપવામાં આવી રહી નથી. આપણા દેશમાં માહિતી અધિકાર કાયદો છે, પરંતુ પીએમ કેર્સ ફંડને આરટીઆઇ કાયદાના દાયરાની બહાર રાખવામાં આવ્યું છે.

અંજલી ભારદ્વાજના જણાવ્યા મુજબ જ્યારે પીએમ કેર્સ ભંડોળ બનાવવામાં આવ્યું હતું ત્યારે એવું કહેવામાં આવ્યું હતું કે તે કેન્દ્ર સરકાર દ્વારા જ બનાવવામાં આવેલું ભંડોળ હતું અને તેથી તેમાં કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી હેઠળ ભંડોળ એકત્ર કરવામાં આવ્યું હતું. શરૂઆતના દિવસોમાં PSU પાસેથી ૩,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ રકમ CSR ભંડોળ તરીકે એકત્ર કરવામાં આવી હતી, કારણ કે આ ભંડોળ સરકાર દ્વારા કંપની કાયદાની જોગવાઈઓ હેઠળ બનાવવામાં આવ્યું હતું. પરંતુ જ્યારે લોકોએ પૈસા ક્યાં ખર્ચવામાં આવી રહ્યા છે, કેટલા પૈસા ક્યાંથી આવી રહ્યા છે તે અંગે માહિતી માંગવાનું શરૂ કર્યું, ત્યારે સરકારે કંપની કાયદાના નિયમોમાં પાછલી અસરથી ફેરફાર કર્યો હતો અને કહ્યું કે આ ભંડોળ કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવ્યું નથી અને તે RTI કાયદા હેઠળ જાહેર સત્તા નથી અને તેથી RTI કાયદા હેઠળ કોઈ માહિતી આપી શકાતી નથી.

વર્ષ ૨૦૨૪-૨૫માં પીએમ કેર્સ ફંડમાં ૮,૪૫૨ કરોડ રૂપિયા હતા પરંતુ માત્ર ૮૭.૮૫ લાખ રૂપિયા જ ખર્ચાયા હતા. વર્ષ ૨૦૨૪-૨૫માં થયેલા ખર્ચની સરખામણી પાછલાં વર્ષો સાથે કરીએ તો ૨૦૨૩-૨૪માં ૧૫.૫૯ કરોડ રૂપિયા, ૨૦૨૨-૨૩માં ૪૩૭.૮૭ કરોડ રૂપિયા, ૨૦૨૧-૨૨માં ૩,૭૧૬.૨૯ કરોડ રૂપિયા અને ૨૦૨૦-૨૧માં ૩,૯૭૬.૧૭ કરોડ રૂપિયા ખર્ચાયા હતા. આ આંકડાઓ જોતાં સ્પષ્ટ થાય છે કે ખર્ચવામાં આવતાં નાણાંમાં સતત ઘટાડો થયો છે અને આના પર પણ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. પ્રોફેસર રિતિકા ખેરા કહે છે લોકોને જાણવાની જરૂર છે કે ભંડોળ ફાળવણી અંગે નિર્ણય લેવા માટે કોઈ સમિતિ છે કે નહીં, તે સમિતિમાં કોણ છે અને કયા આધારે નિર્ણયો લેવામાં આવે છે. કોણ દાન કરી રહ્યું છે અને કયા લોકો કે સંસ્થાઓને ભંડોળના પૈસા આપવામાં આવ્યા છે, તેની માહિતી પણ નિયમિતપણે જાહેર થવી જોઈએ. અંજલી ભારદ્વાજ કહે છે કે કોવિડ-૧૯ દરમિયાન પીએમ કેર્સ ફંડ દ્વારા હોસ્પિટલોને પૂરા પાડવામાં આવેલાં વેન્ટિલેટર ખામીયુક્ત હતાં, જેના કારણે ઘણા લોકોનાં મોત થયાં હતાં. બોમ્બે હાઈકોર્ટની ઔરંગાબાદ બેન્ચે આ બાબતની સુઓમોટો નોંધ લીધી હતી અને થોડા સમય પછી એવું જાણવા મળ્યું હતું કે પીએમ કેર્સ ફંડ દ્વારા પૂરા પાડવામાં આવેલાં ખામીયુક્ત વેન્ટિલેટરના પૈસા પરત કરવામાં આવ્યા હતા. કોર્ટને કહેવામાં આવ્યું હતું કે રિફંડ લેવામાં આવ્યું છે અને આ વેન્ટિલેટર પીએમ કેર્સ હેઠળ પૂરા પાડવામાં આવ્યાં ન હતાં. અંજલી ભારદ્વાજ વર્ષ ૨૦૨૪-૨૫માં પીએમ કેર્સ ફંડમાં આવેલા આશરે ૩૨૫ કરોડ રૂપિયાના રિફંડ પર પણ સવાલ ઉઠાવતા કહે છે કે હવે આ રિફંડ શા માટે કરવામાં આવ્યું? તે કરવામાં કેટલા પૈસા ખર્ચાયા? મને સમજાતું નથી કે આટલા બધા પૈસા કેમ એકઠા કરવામાં આવી રહ્યા છે અને તેનો ઉપયોગ કરવામાં આવતો નથી.

પીએમ કેર્સ ફંડમાં સૌથી મોટો ફેરફાર એ થયો છે કે તેના ૮,૪૫૨ કરોડ રૂપિયાના ભંડોળનો મોટો ભાગ, એટલે કે ૬,૬૪૧ કરોડ રૂપિયા હવે ફિક્સ ડિપોઝિટમાં રાખવામાં આવ્યા છે. અગાઉ, તેમાંથી મોટા ભાગની રકમ બચત ખાતાંમાં જમા થતી હતી. ફિક્સ્ડ ડિપોઝિટમાં વધુ ભંડોળ રાખવાથી વધુ વ્યાજ મળી રહ્યું છે, જેના કારણે તેનું ભંડોળ સતત વિસ્તરી રહ્યું છે. ફિક્સ ડિપોઝિટમાં મોટી રકમ રાખીને ગયાં નાણાંકીય વર્ષમાં લગભગ ૪૭૪ કરોડ રૂપિયા વ્યાજ તરીકે મળ્યા હતા. પીએમ કેર્સ ફંડનો મુખ્ય હેતુ કુદરતી આપત્તિઓમાં ગરીબ જનતાને રાહત આપવાનો નહીં પણ વડા પ્રધાનના ભંડોળમાં સતત વૃદ્ધિ કરવાનો રહી ગયો હોય તેવું જણાઈ રહ્યું છે.

પીએમ કેર્સ ફંડમાં પારદર્શિતાનો અભાવ પણ ચૂંટણી બોન્ડના મુદ્દા સાથે જોડાઈ રહ્યો છે. ચૂંટણી બોન્ડ અંગેની એક મોટી ચિંતા પારદર્શિતાનો અભાવ હતો. આ યોજનામાં જનતાને કઈ વ્યક્તિઓ કે કંપનીઓએ કયા રાજકીય પક્ષોને કેટલા પૈસા દાન કર્યા તેની માહિતી આપવામાં આવી ન હતી. આનાથી લોકો માટે રાજકીય દાનનો સ્ત્રોત સમજવો મુશ્કેલ બન્યો હતો. અંજલિ ભારદ્વાજ કહે છે કે મહત્ત્વની વાત એ છે કે સરકાર આવાં સાધનો કેમ લાવે છે. ક્યારેક તે ચૂંટણી બોન્ડ લાવે છે જે સંપૂર્ણપણે અનામી હોય છે, ક્યારેક તે PM CARES લાવે છે જે એક ગુપ્ત ભંડોળ છે. PM CARES માં શાસક પક્ષના નેતાઓ હોય છે. વડા પ્રધાન અને કેન્દ્રીય કેબિનેટ મંત્રીઓ જે પદાધિકારી તરીકે બેઠા છે અને એવું કહેવામાં આવી રહ્યું છે કે આ એક ખાનગી ભંડોળ છે અને તે જાહેર સત્તા નથી, તેથી 'ક્વિડ પ્રો ક્વો'ની મોટી શક્યતા છે. જો આપણે જાણવા માંગતા હોઈએ કે હિતોનો સંઘર્ષ છે કે નહીં, તો દાન કોણે આપ્યું તેની માહિતી જાહેર કરવી જોઈએ. તે પછી જ તેની તપાસ થઈ શકે છે. જ્યારે કોઈ પણ પૈસા સરકાર સાથે જોડાયેલા ભંડોળમાં જઈ રહ્યા હોય, ત્યારે પારદર્શિતાની અપેક્ષા રાખવામાં આવે છે, પરંતુ આ કિસ્સામાં પારદર્શિતાનો અભાવ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**અંજલી ભારદ્વાજ કહે છે કે કોવિડ-૧૯ દરમિયાન પીએમ કેર્સ ફંડ દ્વારા હોસ્પિટલોને પૂરા પાડવામાં આવેલાં વેન્ટિલેટર ખામીયુક્ત હતાં, જેના કારણે ઘણા લોકોનાં મોત થયાં હતાં**

# બિઝનેસ લાઈસન્સની માન્યતા હવે 15 વર્ષ સુધી લંબાવાઈ

**વારંવારના** રિન્યુઅલમાંથી મુક્તિ

**કેન્દ્ર** સરકારનો મોટો નિર્ણય: ફાર્મા અને ફૂડ જેવા ક્ષેત્રોને મળશે રાહત; વાર્ષિક ફી ચૂકવવામાં ભૂલ કરી તો લાઈસન્સ સીધું થશે સસ્પેન્ડ

મુંબઈ, તા. 20 : ભારત સરકાર મહત્વપૂર્ણ બિઝનેસ લાઈસન્સની માન્યતા 15 વર્ષ સુધી લંબાવી રહી છે, જેના કારણે વારંવાર રિન્યુઅલ માટેના પેપરવર્કને બદલે વાર્ષિક ફી ચુકવણી પર આધારિત સિસ્ટમ આવશે. આ ફેરફારનો હેતુ ફાર્માસ્યુટિકલ્સ, ઉત્પાદન અને ખાદ્ય જેવા ક્ષેત્રો માટે વહીવટી અવરોધોને ઘટાડવાનો છે. જો કે, કંપનીઓએ હવે કડક ચુકવણી શિસ્તનું સંચાલન કરવું પડશે, કારણ કે વાર્ષિક ફી ચૂકવવામાં નિષ્ફળ જવાથી તેમના ઓપરેટિંગ લાઈસન્સ આપમેળે સસ્પેન્ડ થઈ શકે છે. ભારત સરકારે તેના લાઇસન્સિંગ માળખામાં નોંધપાત્ર ફેરફાર શરૂ કર્યો છે, જેનો હેતુ પરમિટની માન્યતા અવધિ લંબાવીને વ્યવસાયો પરના વહીવટી બોજને ઘટાડવાનો છે.

આ પહેલ હેઠળ, વિવિધ આવશ્યક મંજૂરીઓની માન્યતા 15 વર્ષ સુધી લંબાવવામાં આવી રહી છે, જેને કારણે ટૂંકા ગાળાના રિન્યૂઅલની આવશ્યકતા રહેશે નહીં.